પ્રેસનોટ

તા.૩૦/૮/૨૦૨૬

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ શ્રી નીરજકુમાર બડગૂજર, સંયુક્ત પોલીસ કમિશનર, સેક્ટર–૧ નાઓ દ્વારા તેઓના કાર્યક્ષેત્ર હેઠળના પોલીસ સ્ટેશનમાં નાગરિકો દ્વારા કરવામાં આવતી સાયબર ક્રાઇમને લગતી અરજી/રજુઆતને ગંભીરતાથી લઇ ગુના નોંધી ગુના શોધી કાઢવા તજવીજ કરાવી તા.૨૯/૦૮/૨૦૨૬ નારોજ (૧) વાડજ પો.સ્ટે ફરિ.નો મોબાઈલ ફોન હેક કરી રૂપીયા ૨,૦૭,૪૯૯/ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધેલ (૨) શહેરકોટડા પો.સ્ટે. ફરિયાદીની પત્નીનો મોબાઈલ ફોન હેક કરી રૂપિયા ૪૦,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધેલ (૩) બોડકદેવ પો.સ્ટે. ફરીયાદીને તેમના પિતાજીએ નંબર આપ્યો છે અને ક્રીકેટ ગ્રાઉન્ડનુ બાકી ભાડુ ચુકવવાનુ છે તેમ જણાવી ગુગલ પે દ્વારા ૫૫,૦૦૦/ ટ્રાંસફર કરાવી લીધેલ (૪) સોલા પો.સ્ટે. ખોટુ ઇંસ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી ફરિયાદીની દિકરીનો પ્રોફાઇલમા ફોટો અપલોડ કરેલ (૫) વસ્ત્રાપુર પો.સ્ટે. ફરિયાદીને **Blinkit** ના રિફંડના બહાને **APK** ફાઇલ મોકલી ૩.**75,000**/-ની રકમ ટ્રાન્સફર કરી લીધેલ (૬) આનંદનગર પો.સ્ટે. ફરીયાદાનો પાસવર્ડ તથા અન્ય પર્સનલ માહિતી ચોરી કરી ૩. ૪,૭૦,૯૯૮.૫૧/– ટ્રાન્સફર કરી લીધેલ (૭) એલીસબ્રિજ પો.સ્ટે. અદાણી કંપનીમાંથી ગેસબીલ અપડેટ કરાવવાનુ જણાવી ૩. ૧,૬૩,૪૯૯ ટ્રાન્સ્ફર કરી લીધેલ (૮) રાણીપ પો.સ્ટે. ફરિયાદીને **BGMI** ગેમમાં **UC** રીફંડ કરાવવાના બહાને **BGMI** ગેમ તથા ઇ–મેઇલની સંપુર્ણ એક્સેસ લોગીન લઇ પાસવર્ડ ચેંજ કરી સાયબર ફ્રોડ કરી ગુનો આચરેલ હોવા જેવી મોડસ ઓપરેન્ડી અંગેના કુલ–૮ ગુનાઓ નોંધી આરોપીઓ શોધવા તજવીજ કરવામાં આવેલ છે.

વધુમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે કોઈ અજાણી વ્યક્તિના ફોન, મેસેજ અથવા લિંક ઉપર વિશ્વાસ કરી **OTP**, **UPI PIN**, પાસવર્ડ, બેંક એકાઉન્ટની વિગતો કે વ્યક્તિગત માહિતી શેર કરવી નહીં. કોઈ અજાણી **APK** ફાઇલ મોબાઇલમાં ઇન્સ્ટોલ કરવી નહીં તથા ઓનલાઈન રિફંડ, **KYC**, ગેસ બિલ, ગેમિંગ અથવા અન્ય કોઈપણ બહાને નાણાંની માંગણી કરવામાં આવે તો ખાસ સાવચેતી રાખવા તથા સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોય તો તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન **1930** ઉપર સંપર્ક કરી ફરિયાદ કરવા અનુરોધ કરવામાં આવે છે.